Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-1, June-2024

# ભારતીય સમાજ સુધારક : રાજારામ મોહનરાય

(ઇ.સ. ૧૭૭૨ – ૧૮૩૩)

ડૉ.વિનોદકુમાર મુંજપરા
(અધ્યાપક સહાયક ઇતિહાસ વિભાગ)
નલિની - અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ વલ્લભ વિદ્યાનગર

## ૧. પૂર્વભૂમિકા :

ભારતમાં ૧૯ મી સદીમાં અનેક પ્રકારની સામાજિક કુરૂઢિયો પ્રચલિત હતી. સતી, કન્યાની જન્મ સમયે હત્યા કરવાની પ્રથા, બહુ પત્નીત્વ, વિધવા વિવાહની મનાઈ, દહેજપ્રથા, ઘૂંઘટપ્રથા, કડક જ્ઞાતિપ્રથા અને ઉચ્ચ-નીચના ભેદભાવ, અસ્પૃશ્યતા, ગુલામી, નિરક્ષરતા, કન્યા કેળવણીનો અભાવ વગેરે તત્કાલીન ભારતમાં સામાજિક દૂષણો હતા. ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં ઉદભવેલ સામાજિક તથા ધાર્મિક સુધારણાના આંદોલનોએ પણ હિન્દીઓની રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવામાં સારો એવો ફાળો આવ્યો હતો. ૧૯ મી સદીની શરૂઆતના રાજારામ મોહનરાય સુધારણાની પ્રથમ ઘોષણા કરી હતી. રાજારામ મોહનરાય પ્રખર ધર્મસુધારકની સાથોસાથ આગેવાન સમાજ સુધારક પણ હતા. તત્કાલીન ભારતીય સામાજિક, ધાર્મિક, ક્ષતિઓને દૂર કરવા અર્થે રાજારામ મોહનરાય કરેલા પ્રયાસોએ એક સામાજિક, ધાર્મિક ક્રાંતિની શરૂઆત કરી હતી. તેથી જ તેઓને આધુનિક ભારતના આદ્યસુધારક ગણવામાં આવે છે. તેમજ નવાયુગના અગ્રદુત અને જ્યોર્તિધર પણ કહેવાય છે.

## ૨. પ્રારંભિક જીવન અને શિક્ષણ

રાજારામ મોહનરાયનો જન્મ ૨૨ મે ૧૭૭૨ ના રોજ બંગાળ પ્રાંતના હુગલી જિલ્લાના રાધાનગર ગામના ધનાઢ્ય બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાજી રમાકાંત અને માતા તારિણીદેવી હતા. તેમના વડદાદા કૃષ્ણચંદ્ર બેનર્જીએ સ્થાનિક બ્રિટિશ સરકારની સારી એવી સેવા કરી હોવાથી અંગ્રેજ સરકાર દ્વારા તેમને રાયનો ઇલ્કાબ મળ્યો હતો. તેથી તેમનું કુટુંબ ત્યાર પછી બેનરજીના સ્થાને રાય તરીકે જાણીતું બન્યું હતું.

રાજારામ મોહનરાયનું પ્રારંભિક શિક્ષણ તેમના ગામ રાધાનગરની બંગાળી પાઠશાળામાંથી લીધું હતું તે સમયે રાજ્ય વહીવટી તંત્રમાં અરેબિક ભાષાનું વિશેષ ચલણ હોય. તેમના પિતાશ્રી જમીનદાર હોવાથી રાજારામ મોહનરાય પણ શરૂઆતમાં ગામના મૌલવી પાસે અને ત્યારબાદ પટણામાં રહી અરેબિક તથા ફારસી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ તેઓને વેદ અને ઉપનિષદ જેવા

સંસ્કૃત અને હિન્દુ ગ્રંથોનો અભ્યાસ કરવા માટે બનારસ (કાશી) મોકલવામાં આવ્યા હતા. રાજા રામમોહનરાય અરબી, ફારસી, સંસ્કૃત જેવી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો અને સાથોસાથ અંગ્રેજી, ફ્રેચ, લેટિન, ગ્રીક અને હિબ્રુ જેવી યુરોપિય ભાષા ઉપર પ્રભુત્વ મેળવ્યું હતું.

રાજારામ મોહનરાયે હિન્દુ, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોવાથી તેમણે હિન્દુ ધર્મની થતી વગોવણીનો વિરોધ કર્યો અને હિન્દુ ધર્મમાં રહેલા અનિષ્ટોને દૂર કરવાની ઝુંબેશ ઉપાડી.

૧૬-૧૭ વર્ષની વયે તેમણે હિન્દુઓની મૂર્તિપૂજાની ટીકા કરતા ઘર છોડવાની ફરજ પડી. તેમના ત્રણ ચાર વર્ષના સમય દરમિયાન તેમણે તિબેટ સુધીની યાત્રા કરી અને ત્યાંથી તેમને બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવાથી તક મળી ત્યાંથી પરત ફર્યા બાદ તેઓ વારાણસી (બનારસ)માં સ્થિર થયા અને ઇ.સ. ૧૮૦૩ માં તેમના પિતાશ્રીના અવસાન બાદ તેઓ મુર્શીદાબાદ રહેવા ગયા.

**૩. લેખન અને અનુવાદ :**

રાજા રામમોહનરાય હિન્દુ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો તેથી તેઓએ ઇ.સ. ૧૮૧૫ માં ‘વેદાંતસૂત્ર’નો સંસ્કૃતમાંથી બંગાળી ભાષામાં અનુવાદ કર્યો હતો. ઈ.સ. ૧૮૧૬ માં ‘વેદાંતસાર’નો બંગાળીમાં અને વેદાંતનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કર્યો હતો. ઈશ, કેન, કઠ, મુંડક અને માંડુક્ય ઉપનિષદોનો ગ્રંથોનું તેમનું બંગાળી અને અંગ્રેજી ભાષામાં રૂપાંતર કર્યું હતું. ઇ.સ. ૧૮૧૬ માં અંગ્રેજીમાં લખેલ પુસ્તક ‘એન એબ્રિજમેન્ટ ઓફ વેદાંત’ વિદેશોમાં પણ સારી નામના પામ્યું હતું. ઇ.સ. ૧૮૨૧ માં બે પાદરીઓની મદદથી બાઇબલનો બંગાળી ભાષામાં અનુવાદ કર્યો હતો.

**૪. શિક્ષણક્ષેત્રે સુધારણા :**

તત્કાલીન સમયની શિક્ષણ પ્રથામાં આમૂલ પરિવર્તન થાય તેમ રાજા રામમોહનરાય માનતા હોવાથી દેશના લોકોને તાર્કિક અને વૈજ્ઞાનિક શિક્ષણ આપવામાં આવે તો ભારત દેશ વૈશ્વિક ફરોળમાં તેનું સ્થાન પ્રાપ્ત કરી શકશે તેવો તેમનો ઉમદા વિચાર હતો. ભારતની દ્રષ્ટિએ જોઈએ તો ઇ.સ. ૧૭૭૪ થી ૧૮૩૩ સુધી એટલે કે રાજારામ મોહનરાયના અવસાન સુધીના સમયગાળાને રાજા રામમોહનરાયનો યુગ ઓળખાવી શકાય. તેમણે તેમના જીવનકાર્ય દ્વારા દેશમાં નવા યુગનો આરંભ કર્યો. દેશે કઈ રીતે આગળ વધવું જોઈએ તે માટે તેમણે બે મુદ્દા નક્કી કર્યા હતા અને પ્રજા જીવનને ચોક્કસ માર્ગ બતાવવો તેમણે કહ્યું કે અંગ્રેજો પાસે નવી વિદ્યા છે જે ભારતીય લોકોએ લેવી જોઈએ અને આ વિદ્યા લેવા માટે લોકોએ તેમની ભાષા અંગ્રેજી શીખવી જોઈએ.

દેશમાં નવજાગૃતિ હેતુ માટે ઇતિહાસ સાહિત્ય, વિજ્ઞાન અને રાજનીતિને લગતા ઉપયોગી જ્ઞાનના

પ્રચાર માટેના બંગાળી ભાષામાં સંવાદ કૌમુદી અને ફારસી ભાષામાં 'મિરાત ઉલ અખબાર' સામાયિકો શરૂ કર્યા હતા. સ્થાનિક માતૃભાષા બંગાળીના માધ્યમ થકી તેમણે ભૂમિતિ ભૂગોળ, ખગોળ, વ્યાકરણ જેવા વિષયોના પુસ્તકો પણ લખ્યા. પાશ્ચાત્ય વિજ્ઞાનો તથા સાહિત્યના અભ્યાસ માટે તેમણે ડેવિડ હેર સાથે મળીને કોલકત્તામાં હિન્દુ કોલેજ શરૂ કરી હતી. જે પાછળથી પ્રેસિડેન્સી કોલેજ તરીકે ઓળખાય. ભારતમાં અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ આપતી તે પ્રથમ શૈક્ષણિક સંસ્થા હતી.

**૫. આત્મીય સભાની સ્થાપના ૧૮૧૫ :**

રાજારામ મોહનરાય બાળપણથી જ જિજ્ઞાસાવૃત્તિ અને સ્વતંત્ર વિચારસરણી ધરાવતા હોય તેમણે ઇ.સ. ૧૮૦૪ થી ૧૮૧૪ દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપની સરકારમાં નોકરી કરી હતી. તેમના એક દાયકાના ગાઢ સંપર્કને કારણે તેમણે અંગ્રેજી ભાષા સાહિત્યને ઉંડો અભ્યાસ કરીને સુધારણાની નવી દ્રષ્ટિ કેળવી હતી. સમાજની પ્રગતિને અવરોધતા સામાજિક કુરિવાજોને તેઓએ ઉગ્ર વિરોધ કર્યો હતો. હિન્દુ સમાજમાં ઊંચનીચ ભેદભાવવાળી જ્ઞાતિ, વ્યવસ્થા તેમજ કુલીનતાના ખ્યાલોનો પણ રાજા રામમોહનરાય ઉગ્ર વિરોધ કરી તેને ડામવાના પ્રયાસો હાથ ધર્યા હતા. તેમણે સામાજિક ભેદભાવ અને કુરિવાજોની નાબુદી અર્થે ઇ.સ. ૧૮૧૫ માં આત્મીય સભાની સ્થાપના કરી હતી. જે પાછળથી બ્રહ્મો સમાજ તરીકે ઓળખાય. જેના દ્વારા તેમણે સામાજિક ક્ષતિઓ, કુરિવાજો અને ભેદભાવોની નાબુદી દૂર કરવાની ઝુંબેશ ઉપાડી હતી.

**૬. બ્રહ્મો સમાજની સ્થાપના ૧૮૨૮ :**

આધુનિક ઢબની સૌથી પહેલી સુધારણા પ્રવૃત્તિ કરનાર બ્રહ્મો સમાજ સંસ્થા હતી. ૨૦ ઓગસ્ટ ૧૮૨૮ ના રોજ રાજારામ મોહનરાય કલકત્તામાં બ્રહ્મો સમાજ નામની સંસ્થા સ્થાપી હતી. રાજારામ મોહનરાયનું નામ ધાર્મિક અને સામાજિક સુધારણા ક્ષેત્રે મોખરે છે. પ્રજા જીવનમાં જાગૃતિ અને નવચેતના પ્રેરવા પ્રાચીન એકેશ્વરવાદના પાયા પર નવો ધર્મ વિચાર પુનઃસ્થાપિત કરવા તેમણે કાર્ય કર્યું હતું. આ સંસ્થાના કાર્ય દ્વારા તે ભારતીય સમાજ જીવનમાં નવજાગૃતિ અને સુધારા દાખલ કરવા માગતા હતા.

બ્રહ્મો સમાજનું મહત્વપૂર્ણ પ્રદાન એ છે કે તેમણે ધર્મસહિષ્ણુતાની ભાવનાને વિકસાવી. મૂર્તિ પૂજાનો વિરોધના કારણે તેમણે એકેશ્વરવાદનો વિચાર વ્યક્ત કર્યો. તેઓ માનતા હતા કે મૂર્તિ પૂજાના કારણે જ લોકોમાં પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે અને અન્ય ધર્મ અનિષ્ટ છે તેવી ભાવના જન્મે છે.

બ્રહ્મો સમાજનો સિદ્ધાંત ચુસ્તપણે એકેશ્વરવાદી સિદ્ધાંતો ઉપર આધારિત સર્વવ્યાપી ઈશ્વર બાદ હોવાનું જાહેર કરાયું અને તેની ઉપાસનામાં ધાર્મિક

જોડાણના બાધ વગર ગમે તે જોડાઈ શકતા. રાજારામ મોહનરાય જોકે પૂજાના બાહ્ય સ્વરૂપને નિશ્ચિત હિંદુ લક્ષણ આપ્યું કે જેમાં આ તબક્કે વેદો અને ઉપનિષદોમાંથી કરવામાં આવતા વાચનો ધાર્મિક પ્રવચન અને ભક્તિ ભાવનું સંગીત હતા.

સામાજિક સુધારણાના ક્ષેત્રે રાજા રામમોહનરાયની ભૂમિકા અદ્વિતીય રહી છે. સૌપ્રથમ તેમણે સમાજમાં રહેલી જ્ઞાતિ પ્રથાની દુર કરવાના પ્રયાસો કર્યા હતા. જ્ઞાતિ જાતિના ભેદભાવ દૂર કરવા માટે બ્રહ્મો સમાજ દ્વારા તેમણે આંતરજ્ઞાતીય લગ્ન પ્રથાની તરફેણ આવી. બ્રહ્મો સમાજનું સભ્યપદ કોઈપણ પ્રકારના ભેદભાવ વગર તેમણે ખુલ્લું રાખ્યું હતું. તેમણે અસ્પૃશ્યતાના દૂષણને ડામવામાં મહત્વની ભૂમિકા ભજવી.

આ સમયમાં સ્ત્રીઓનું જીવન દબાયેલું તથા ઓશિયાળું હતા. સ્ત્રીઓ સ્વતંત્રતા મેળવે, આર્થિક રીતે સ્વતંત્ર બને અને પુરુષ સમકક્ષ બને તે માટે તેઓ સક્રિય રહ્યા હતા અને બાળ લગ્ન પ્રથાનો વિરોધ કર્યો હતો. તેઓ સતી પ્રથાના રિવાજોને નાબૂદ કરવાની વિચારધારા ધરાવતા હતા. તેમણે સતીપ્રથાના અંત માટે હિન્દુ ધર્મશાસ્ત્રની માનવતાના ધોરણોની તથા કુદરતી હક્કોની મદદ લઈને આ પ્રથા વિરુદ્ધ જોરશોરથી અભિયાન ચલાવ્યું. તેમના પ્રયાસો થકી ભારત દેશમાં વર્ષોથી ચાલી આવતી સતિપ્રથાનું રિવાજ નાબુદ થયો હતો. રાજારામ મોહનરાય રાષ્ટ્રપ્રેમી હતા. તેમણે અજ્ઞાનીઓ તથા ગરીબો પ્રત્યે સહાનુભૂતિ હતી. વળી લોકમત જાગૃત કરવાનું અને લોકોમાં રાજકીય ચેતના જગાડી તેમને પ્રોત્સાહિત કરવાનો અગત્યનું કાર્ય પણ તેમણે કહ્યું હતું.

**૭. રાજારામ મોહનરાયનું રાજકીય ચિંતન :**

રાજારામ મોહનરાય ૧૯ મી સદીના શરૂઆતના ભારતમાં રાજકીય ચિંતકોમાં પ્રથમ હતાં. તેમણે આગળ આવી રાજકીય હકોની માગણી કરી અને બીજાઓ તેમનું અનુસરણ કરે તેઓ માર્ગ ચીંધ્યો. ઈ.સ. ૧૮૩૧ માં તેમણે ઇંગ્લેન્ડમાં બોર્ડ ઓફ કંટ્રોલને ઘણા પત્રો લખી ભારતમાં રાજકીય અને અન્ય ક્ષેત્રમાં સુધારા દાખલ કરવા અનુરોધ કર્યો હતો. ખેતર ખેડનારને વધુમાં વધુ કેટલું ભાડું (કર) આપવું જોઈએ તે નક્કી કરવા કાયદાની અદાલતમાં સત્તાવાર ભાષા તરીકે ફારસીના સ્થાને અંગ્રેજી ભાષા દાખલ કરવા દીવાની અદાલતોમાં હિન્દી પંચોની નિમણૂક કરવા પંચ (જ્યુરી) દ્વારા ફરિયાદ ચલાવવા હેબીયસ કોર્પસ દ્વારાનો અમલ કરવા ન્યાયાધીશો અને મહેસુલી કમિશનરોના કાર્ય જુદા પાડવા ભારતના ફોજદારી કાયદાનો અને દીવાની કાયદાનો સંગ્રહ તૈયાર કરવા ધારો ગણતા પહેલા સ્થાનિક લોકોની સલાહ લેનાર અને અંગ્રેજો માટે મોટાભાગે અનામત રખાતી ઊંચી પાયરીની જગ્યાએ પર હિન્દુઓને નિમવા જણાવ્યું હતું. તેમણે ૧૮૨૯ માં જણાવ્યું હતું કે યુરોપિયન લોકો સાથે આપણો સંપર્ક

વ્યવહાર વધુને વધુ રહેશે તો તેનાથી આપણી સાહિત્યિક, સામાજિક અને રાજકીય બાબતોમાં મોટી સુધારણા થશે આવી વિચારધારા તેઓ ધરાવતા હતા. તેથી તેઓએ ભારતમાં અંગ્રેજોના રાજ્યને આવકાર્યો હતો. ભારતમાં રાજકીય આંદોલનના પ્રણેતા તરીકે તેમને ગણવામાં આવે છે. જે ખરેખર યોગ્ય જ છે.

**૮. મૂલ્યાંકન :**

રાજારામ મોહનરાય અને બ્રહ્મો સમાજના પ્રયાસોની બંગાળ પ્રાંતની પ્રજા પર ગાઢ અસર થઈ હતી. ગ્રામ્ય સમાજ પર થોડી ઓછી અસર થઈ હતી છતાં પણ નૂતન રાષ્ટ્ર, સમાજ તથા રાષ્ટ્રવાદના ઉદયમાં રાજારામ મોહનરાયનું મહત્વપૂર્ણ પ્રદાન કરી શકાય ઇ.સ. ૧૮૩૧ માં રાજારામ મોહનરાય દિલ્હીના મોગલ સમ્રાટના હક્કદાવાની રજૂઆત કરવા તેના પ્રતિનીધિ તરીકે ઇંગ્લેન્ડ ગયા હતા ત્યાં તેમનું અવસાન ૧૮૩૩ માં બ્રિસ્ટોલ ખાતે થયું હતું.

રાજારામ મોહનરાયની પ્રતિભાની મુલવણી જુદાજુદા લેખકોએ જુદા જુદા દ્રષ્ટિકોણથી કરી છે. તેમના જીવનકાર્યનો ઉચ્ચ આદર્શ પૂર્વ અને પશ્ચિમની વિચારધારા વચ્ચેનો સમન્વય સાધવાનો હતો એ બાબતમાં સૌનું માનવું છે તેમણે ભારતમાં આધુનિક યુગનો પાયો નાખ્યો એવી રવિન્દ્રનાથ ટાગોરની અંજલી ખૂબ જ યોગ્ય છે તેમણે કહ્યું છે આ સૈકાને તે રાજારામ મોહનરાય મહાન પથદર્શક છે. ડગલે ને પગલે જે મોટા વિઘ્નો આપણી વિકાસયાત્રામાં નડતા તે તેમણે દૂર કર્યા અને આજના જગત વ્યાપી માનવ સહકારના નવયુગની આપણને દીક્ષા આપી. તેમને ભારતીય નવજાગૃતિના પિતા અને ભારતીય રાષ્ટ્રવાદના સંત તરીકે પણ ઓળખવામાં આવે છે.

**સંદર્ભ :**


- ચોપરા પી. એન (સંપાદક) ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૪
- શર્મા એલ. પી. આધુનિક ભારત ૧૭૦૭-૧૯૬૭ લક્ષ્મીનારાયણ અગ્રવાલ, આગરા, ૨૦૧૦.
- ધારૈયા આર. કે. આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્ર સંગ્રામો ભાગ -૧ (૧૮૮૫-૧૯૧૯) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૦.
- ધારૈયા આર. કે. આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્ર સંગ્રામો ભાગ-૨ (૧૯૨૦-૧૯૬૪) અમદાવાદ, ૨૦૧૪.
- શાહ મનુભાઈ બી. અર્વાચીન ભારતની સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળનો ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૨૩.
- પરીખ આર. જી. ભારતનો ઇતિહાસ ૧૮૧૮-૧૮૮૫, અમદાવાદ, ૨૦૧૧.
- શેઠ ચંદ્રકાંત (સંપાદક) ગુજરાતી બાળવિશ્વકોશ-૭, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ ૨૦૧૬.
- gu.m.wikipedia.org.